# ઘઉંની સિઝન આવી...



વસંતોત્સવના આગમન બાદ ખેડૂતોએ રવિપાકની લલણી શરૂ કરી છે જેમાં ઘઉંના પાકની કાપણીમાં ખેડૂતો વ્યસ્ત બનેલા જોવા મળ્યા હતા. આવનારા દિવસોમાં લોકો દ્વારા આખા વર્ષ માટે ઘઉંની ખરીદીમાં પડી જશે.

# રાજ્યમાં ૨૯૧ સિંહ જ બચ્યાં

ગાંધીનગર, બુધવાર

વિશ્વ પ્રસિદ્ધ ગીરના અભ્યારણમાં સિંહોની સંખ્યા ૨૯૧ જ બચી છે. વિધાનસભામાં પ્રશ્નનો લેખિતમાં જવાબ આપતા વનમંત્રીએ કહ્યુ હતુ કે ૨૦૦૯ના અંતે ગીરમાં સિંહોની સંખ્યા અંદાજીત ૨૯૧ છે. જેમાં ૬૮ નર, ૧૦૦ માદા અને ૧૨૩ બચ્ચાનો સમાવેશ થવા જાય છે. તેઓ ગૃહને વધુ માહિતી આપતા કહ્યુ હતુ કે છેલ્લા બે વર્ષમાં ૭૧ સિંહો કુદરતી મૃત્યુ પામ્યા છે. જ્યારે ૧ સિંહનું શિકારથી મોત થયુ હતુ. સિંહોની સંખ્યા વધારવા અને શિકારથી મૃત્યુ અટકાવવા સરકારે લીધેલા પગલાની પણ માહિતી આપી હતી. જેમાં ગીર વિસ્તારમાં ૬ કિમી વિસ્તારના ખેડૂતોના ખુલ્લા કુવાને પેરાપેર વોલથી સુરક્ષીત બનાવવાની જાણકારી આપી હતી. જેમાં ૨૦૦૭-૦૮થી ડિસેમ્બર ૨૦૦૯ દરમિયાન ૧૩૫૫૪ કુવાઓને પેરાપેર વોલથી સુરક્ષીત બનાવવામાં આવ્યા છે.

# IIM-Cના વિદ્યાર્થીને ૧.૬ કરોડની જંગી ઓફર કરાઇ

## સર્વશ્રેષ્ઠ પગાર મામલામાં આઈઆઈએમ-સી આગળ: સાઉથ ઈસ્ટ એશિયામાં સ્થિત ગ્લોબલ ઈન્વેસ્ટમેન્ટ બેંક તરફથી ઓફર : અન્ય બેને પણ ૧ કરોડથી વધુની ઓફર

કોલકતા, બુધવાર

ઈન્ડિયન ઈન્સ્ટિટયૂટ ઓફ મેનેજમેન્ટ કોલકતા (આઈઆઈએમ-સી)ને ૧.૬ કરોડની ઓફર મળી છે. આ વર્ષની કેમ્પસ પ્લેસમેન્ટમાં સૌથી સર્વશ્રેષ્ઠ વેતન પેકેજ મેળવનારમાં ઈન્ડિયન ઈન્સ્ટિટયૂટ ઓફ મેનેજમેન્ટ-કોલકતાનો સમાવેશ થઈ ગયો છે.

વિશ્વસનીય સૂત્રોએ કહ્યું છે કે, આઈએમએમ-સીના વિદ્યાર્થીઓને સારા પગાર પેકેજ મળી રહ્યા છે તેના વિદ્યાર્થીઓ પૈકીના એક વિદ્યાર્થીને સાઉથ ઈસ્ટ એશિયામાં આવેલી ગ્લોબલ ઈન્વેસ્ટમેન્ટ બેંક તરફથી ૩,૫૦,૦૦૦ ડોલરની અથવા તો ૧.૬ કરોડની જંગી ઓફર મળી છે. અન્ય બે વિદ્યાર્થીઓને પણ ૧ કરોડથી વધુના પેકેજ મળ્યા હોવાનું જાણવા મળ્યું છે. આઈઆઈએમ-સીને તમામ આઈઆઈએમ કરતાં આ વખતે વધુ સારી ઓફર મળી હોવાનું જાણવા મળી રહ્યું છે. આને ૯૧ સ્લોટ-૦ મળી છે. આઈઆઈએમ-બેંગ્લોર બીજા સ્થાને છે. આને ૬૪ ઓફર મળી છે. જ્યારે આઈએમએમ- અમદાવાદના વિદ્યાર્થીઓને પ્લેસમેન્ટના પ્રથમ બે દિવસ દરમિયાન ૫૦ ઓફર મળી છે. નવી રજૂ કરવામાં આવેલી સીસ્ટમના આધાર ઉપર પ્લેસમેન્ટની પ્રક્રિયા આ વખતે હાથ ધરવામાં આવી છે. આ આંકડામાં પ્રીપ્લેસમેન્ટનો ઓફરનો સમાવેશ કરવામાં આવ્યો નથી.

કરોડથી વધુના પગાર પેકેજ ધરાવતા આ ત્રણ વિદ્યાર્થીઓ લંડન અને સિંગાપુરમાં ઈન્વેસ્ટમેન્ટ બેંકોની એસોસીએટ્સ સાથે જોડાશે. એવા પ્રાથમિક સંકેત મળ્યા છે કે, આઈઆઈએમ-અમદાવાદને ૧.૪૪ કરોડની હાઈએસ્ટ ઓફર મળી હતી. જ્યારે બેંગ્લોરનું શ્રેષ્ઠ પેકેજ ૧.૧૪ કરોડનું હતું. જ્યારે આઈઆઈએમ-સીના વિદ્યાર્થીને ૧.૬ કરોડનું પેકેજ મળ્યું છે. વિદ્યાર્થીઓના નામ હજુ સુધી જાહેર કરવામાં આવ્યા નથી. આઈઆઈએમ-સીમાં પ્લેસમેન્ટની પ્રક્રિયા શનિવારે શરૂ થઈ હતી. વિશ્વની ટોચની કંપનીઓ પ્લેસમેન્ટમાં ભાગ લઈ રહી છે.

# સેન્ટ સ્ટિફન અને જીઇઝના વિદ્યાર્થીએ ઈતિહાસ રચ્યો

નવી દિલ્હી, બુધવાર

દિલ્હીમાં પ્લેસમેન્ટની પ્રક્રિયા કેમ્પસમાં ચાલી રહી છે. આ પ્રક્રિયા સંકેત આપે છે કે, મંદીનો દોર પૂરો થઈ ચૂક્યો છે. યુવા કુશળ લોકોને લેવા માટેની સ્પર્ધા ચાલી રહી છે. હાલમાં જુદા જુદા બેંચમાર્ક રચાયા છે. શ્રીરામ કોલેજ ઓફ કોમર્સ અને સેન્ટ સ્ટિફનના એક-એક વિદ્યાર્થીને ૩૨ લાખના ડોમેસ્ટિક પેકેજની ઓફર મળી છે. આની સાથે જ દિલ્હી યુનિવર્સિટીના ઈતિહાસમાં નવા રેકોર્ડ સર્જાયા છે. ઈન્ડિયન ઈન્સ્ટિટયૂટ ઓફ ફોરેન ટ્રેડ (આઈઆઈએફટી)ના વિદ્યાર્થીને ૧,૫૦,૦૦૦ ડોલરની ઓલટાઈમ હાઈ ઈન્ટરનેશનલ ઓફર પણ થઈ છે. આઈઆઈએફટીમાં સરેરાશ પગારમાં ૫૦ ટકાનો વધારો થયો છે. તમામ પ્લેસમેન્ટ પ્રક્રિયામાં સારો ઉત્સાહ જોવા મળ્યો છે. આ તમામ પ્લેસમેન્ટના ૧૦ ટકા લોકોને વિદેશમાં તક મળી છે. મેનેજમેન્ટ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટયૂટ (એમડીઆઈ), દિલ્હી ટેકનોલોજીકલ યુનિ., જામિયામિલિયા ઈસ્લામિયા સંસ્થા તરફથી આવાજ સારા સમાચાર મળી રહ્યા છે.

## દિલ્હીમાં કેમ્પસ પ્લેસમેન્ટ દરમિયાન ૩૨-૩૨ લાખ રૂપિયાની કરાયેલી મોટી ઓફર